अप्कायिकादारभ्य वनस्पतिकायिकपर्यन्तानामपि चतुर्थपञ्चमविकल्पौ-चतुरशीतिकैः समर्जिता'४ चतुरशीतिकैश्च नो चतुरशीत्या च समर्जिताः५, इत्याकारकौ ज्ञेयाविति। 'वेइंदिया जाव वेमाणिया जहा नेरइया' द्वीन्द्रिया यावद्वैमानिका यथा नैरयिकाः, यथा नारकाः पञ्चापि विकल्पविकल्पितास्तथा द्वीन्द्रियादारभ्य वैमनिक पर्यन्तानामपि पञ्चविकल्पैः समर्जितत्वं ज्ञेयमिति। 'सिद्धा णं पुच्छा' सिद्धाः खलु इति पृच्छा. हे भदन्त! सिद्धाः किं चतुरशीति समर्जिताः१, नो चतुरशीतिसमर्जिताः२, चतुरशीत्या नोचतुरशीत्या वा समर्जिताः३, चतुरशीतिभिः समर्जिताः४ चतुरशीतिभिश्च नो चतुरशीत्या च वा समर्जिताः५ इति प्रश्नः। भगवानाह-

---

पंचम विकल्प कहे गये हैं उसी प्रकार से अप्कायिक से लेकर वनस्पतिकायिक तक के जीवों के भी चतुर्थ और पंचम विकल्प कहे गये हैं-वे चतुर्थ पंचम विकल्प ये हैं-'चतुरशीतिकैः समर्जिताः४, चतुरशीतिकैश्च नो चतुरशीत्या च समर्जिताः 'वेइंदिया जाव वेमाणिया जहा नेरइया' जिस प्रकार चतुरशीति प्रकरण में नैरयिकों को पांचों विकल्पवाला प्रकट किया गया है उसी प्रकार से द्वीन्द्रिय से लेकर वैमानिक तक के भी जीवों को पांचों विकल्पोंवाला जानना चाहिए 'सिद्धा णं पुच्छा' अब गौतम प्रभु से पूछते हैं हे भदन्त! सिद्ध जीव क्या चतुरशीति से समर्जित होते हैं१ या नो चतुरशीति से समर्जित होते हैं२ या एक चतुरशीति और एक नो चतुरशीतिसे समर्जित होते हैं३ या अनेक चतुरशीति से समर्जित होते हैं या अनेक चतुरशीति से और एक नो चतुरशीति से समर्जित होतें

જીવોને ચોથો અને પાંચમો વિકલ્પ કહ્યો છે, એજ રીતે અપ્કાયિકથી લઈને વનસ્પતિકાયિક સુધીના જીવોને પણ ચોથો અને પાંચમો વિકલ્પ કહ્યો છે. તે ચોથો અને પાંચમો વિકલ્પ આ પ્રમાણે છે.-'चतुरशीतिकैः समर्जिताः४, चतुरशीतिकैश्च नो चतुरशीत्या च समर्जिताः' અનેક ચોર્યાશીથી સમર્જીત હોય છે. ૪ અનેક ચોર્યાશીથી અને એક નો ચોર્યાશીથી સમર્જીત હોય છે. ૫ 'वेइंदिया जाव वेमाणिया जहा नेरइया' જે પ્રમાણે ચોર્યાશી સમર્જીત પ્રકરણમાં નારકીયોને પાંચે વિકલ્પોવાળા કહ્યા છે, એજ રીતે બે ઇન્દ્રિય જીવોથી લઈને વૈમાનિક સુધીના જીવો પણ પાંચે વિકલ્પોવાળા સમજવા.

'सिद्धा णं पुच्छा' હવે ગૌતમસ્વામી પ્રભુને એવું પૂછે છે કે-હે ભગવન્ સિદ્ધ જીવો શું ચોર્યાશી સમર્જીત હોય છે? અથવા નો ચોર્યાશી સમર્જીત હોય છે? અથવા એક ચોર્યાશી અને એક નો ચોર્યાશી સમર્જીત હોય છે? ૩ અથવા અનેક ચોર્યાશી સમર્જીત હોય છે? અથવા અનેક ચોર્યાશીથી અને એક નો ચોર્યાશીથી સમર્જીત હોય છે? ૫, આ રીતના

'गोयमा' इत्यादि। 'गोयमा!' हे गौतम! 'सिद्धा चुलसीइसमज्जिया वि१' सिद्धा अपि१ अथमविकल्पेन युक्ता अपि भवन्ति सिद्धा इति१। 'नो चुलसीइसमज्जिया वि२' नो चतुरशीतिसमर्जिता अपि भवन्ति सिद्धा इति२। 'चुलसीईए य नो चुलसीइए य समज्जिया३' चतुरशीत्या च नोचतुरशीत्या चापि समर्जिता भवन्ति। सिद्धा इति तृतीयः३। किन्तु 'नो चुलसीइहिं समज्जिया४' नो नैव चतुरशीतिभिः समर्जिताः४, नो-नैव अनेकाभिश्चतुरशीतिसंख्याभिरपि समर्जिता इति चतुर्थः४। 'नो चुलसीइहिय नोचुलसीईए य समज्जिया वि५' तथा नो-नैव चतुरशीतिभिश्च नो चतुरशीत्या च समर्जिता अपि सिद्धा इति पञ्चमो विकल्प इत्युत्तरम्। अत्र भगवता आद्यं भङ्गत्रयं स्वीकृतमतएवात्र 'अपि' शब्दस्य प्रयोगः कृतः। अन्तिमौ चतुर्थ-पञ्चमौ द्वौ भङ्गौ निषिद्धौ, अत स्तत्र

हैं५ इस प्रकार के ये पांच प्रश्न हैं इन प्रश्नों के उत्तर में प्रभु कहते हैं-'गोयमा! सिद्धा चुलसीइसमज्जिया वि१' हे गौतम! सिद्ध जीव चतुरशीति से समर्जित भी होते हैं 'नो चुलसीइसमज्जिया वि२' नो चतुरशीति से भी समर्जित होते हैं२, 'चुलसीईए नो चुलसीईए य समज्जिया वि३' एक चतुरशीति से और एक नो चतुरशीति से समर्जित भी होते हैं३ किन्तु वे 'नो चुलसीइहिं समज्जिया४' अनेक चतुरशीति की संख्या से उत्पन्न-समर्जित नहीं होते हैं और न वे अनेक चतुरशीति से एवं एक नो चतुरशीति से भी समर्जित होते हैं यहां जो 'अपि' शब्द का प्रयोग किया गया है वह इस बात को कहने के लिये किया गया है कि यहां भगवान ने पूर्वोक्त ३ ही भंग स्वीकार किये हैं शेष चतुर्थ और पंचम ये दो भंग स्वीकार नहीं किये हैं। इसी कारण वहां

આ પાંચ પ્રશ્નો છે. આ પ્રશ્નોના ઉત્તરમાં પ્રભુ કહે છે કે-'गोयमा! सिद्धा चुलसीइ समज्जिया वि १' હે ગૌતમ! સિદ્ધ જીવો ચોર્યાશીથી સમર્જીત પણ હોય છે. १ 'नो चुलसीइ समज्जिया वि २' નો ચોર્યાશીથી સમર્જીત પણ હોય છે. २ 'चुलसीईए नो चुलसीईए य समज्जिया वि ३' એક ચોર્યાશીથી અને એક નો ચોર્યાશીથી પણ સમર્જીત હોય છે. ૩ પરંતુ તેઓ 'नो चुलसीईहिं समज्जिया वि ४' અનેક ચોર્યાશીની સંખ્યાથી સમર્જીત-ઉત્પન્ન થતા નથી. ४ તેમજ અનેક ચોર્યાશી અને એક નો ચોર્યાશીથી પણ સમર્જીત હોતા નથી. ५ આમાં જે 'अपि' શબ્દનો પ્રયોગ કર્યો છે. તે એ વાત બતાવવા કર્યો છે કે-અહિયાં ભગવાને પૂર્વોક્ત ત્રણ જ ભંગોનો સ્વીકાર કર્યો છે. ચોથા અને પાંચમાં ભંગનો સ્વીકાર કર્યો નથી. તેમજ તે કારણે અહિયાં 'નો' શબ્દનો પ્રયોગ કર્યો છે.

नो-नैव' इति नो शब्दस्य प्रयोगः कृतः। एतदग्रे 'से केणट्ठेणं' इत्यालापकेत्रयाणामेव भङ्गानां स्पष्टी भविष्यतीति। पुनः प्रश्नयति, 'से केणट्ठेणं भंते! एवं वुच्चइ जाव समज्जिया वि' तत् केनार्थेन भदन्त! एवमुच्यते यावत् समर्जिता अपि, केन कारणेन एवं कथ्यते यत्-सिद्धाः चतुरशीतिसमर्जिता अपि, नो चतुरशीतिसमर्जिता अपि२, चतुरशीत्या च नो चतुरशीत्या च समर्जिता अपि३, किन्तु नो-नैव चतुरशीतिभिश्च समर्जिताः सिद्धाः४, नो-नैव चतुरशीतिकैश्च नो चतुरशीत्या च समर्जिताः सिद्धाः इति प्रश्नः। भगवानाह-'गोयमा' इत्यादि। 'गोयमा' हे गौतम! 'जे णं सिद्धा चुलसीइएणं पवेसणएणं पविसंति' ये खलु सिद्धाः चतुरशीतिकेन प्रवेशनकेन प्रविशन्ति, 'ते णं सिद्धा चुलसीइसमज्जिया१' ते खलु सिद्धा श्चतुरशीतिसमर्जिताः१। 'जे णं सिद्धा जहन्नेणं एगेण वा दोहिं वा, तीहिं वा' ये खलु सिद्धाः जघन्येन एकेन वा, द्वाभ्यां वा त्रिभिर्वा, उक्को-

'नो' शब्द का प्रयोग किया गया है। अब गौतम प्रभु से ऐसा पूछते हैं-'से केणट्ठेणं भंते! एवं वुच्चइ, जाव समज्जिया वि' हे भदन्त! ऐसा आपने किस कारण से कहा है कि सिद्ध प्रथम के चतुरशीति समर्जित आदि ३ विकल्पोंवाले हैं और अन्तके चतुर्थ एवं पंचमविकल्पोंवाले नहीं हैं? इसके उत्तर में प्रभु कहते हैं-'गोयमा! जे णं सिद्धा चुलसीइएणं पवेसणएणं पविसंति, ते णं सिद्धा चुलसीइसमज्जिया१' हे गौतम! जो सिद्ध एक चौरासी की संख्या में उत्पन्न होते हैं एक समय में, वे सिद्ध चतुरशीति समर्जित कहे गये हैं। 'जे णं सिद्धा जहन्नेणं एगेण वा दोहिं वा तीहिं वा उक्कोसेणं तेसीइएणं पवेसणएणं पविसंति ते णं सिद्धा नो चुलसीइसमज्जिया२' जो सिद्ध जघन्य से एक अथवा दो अथवा तीन की संख्या में एक समय में उत्पन्न होते हैं

હવે ગૌતમસ્વામી પ્રભુને એવું પૂછે છે કે-'से केणट्ठेणं भंते! एवं वुच्चइ, जाव समज्जिया वि' હે ભગવન્ આપ એવું શા કારણથી કહો છો કે-સિદ્ધ વિગેરે ચોર્યાશી સમર્જીત વિગેરે ૩ ત્રણ વિકલ્પોવાળા હોય છે. અને અન્તના ચોથો અને પાંચમો વિકલ્પ તેઓને સંભવતો નથી? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ કહે છે કે-'गोयमा! जे णं सिद्धा चुलसीइएणं पवेसणएणं पविसंति तेणं सिद्धा चुलसीइ समज्जिया' હે ગૌતમ! એક સમયમાં સિદ્ધો એક ચોર્યાશીની સંખ્યામાં ઉત્પન્ન થાય છે, તે સિદ્ધો ચોર્યાશી સમર્જીત કહેવાય છે. 'जे णं सिद्धा जहण्णेणं एगेण वा दोहिं वा तीहिं वा उक्कोसेण तेसीइएणं पविसंति तेणं सिद्धा नो चुलसीई समज्जिया' જે સિદ્ધો જઘન્યથી એક અગર બે અગર ત્રણની સંખ્યામાં એક સમયમાં ઉત્પન્ન થાય છે, અને ઉત્કૃષ્ટથી

सेणं तेसीइएणं पवेसणएणं पविसंति' उत्कर्षेण त्र्यशीतिकेन प्रवेशनकेन प्रविशन्ति, 'ते णं सिद्धा नो चुलसीइसमज्जिया२' ते खलु सिद्धा नो चतुरशीतिसमर्जिता इति२। 'जे णं सिद्धा चुलसीइएणं अन्नेण य जहन्नेणं एगेण वा, दोहिं वा, तीहिं वा' ये खलु सिद्धा श्चतुरशीतिकेन अन्येन च जघन्येन एकेन वा, द्वाभ्यां वा त्रिभिर्वा, उक्कोसेणं तेसीइएणं पवेसणएणं पविसंति' उत्कर्षेण त्र्यशीतिकेन प्रवेशनकेन प्रविशन्ति, 'ते णं सिद्धा चुलसीईए य नो चुलसीईए य समज्जिया' ते खलु सिद्धाश्चतुरशीत्या च नो चतुरशीत्या च समर्जिताः३। 'से तेणट्ठेणं जाव समज्जिया' तत् तेनार्थेन गौतम! एवमुच्यते सिद्धा श्चतुरशीत्या समर्जिता अपि १, नो चतुरशीत्या समर्जिता अपि २, चतुरशीत्या च नो चतुरशीत्या च समर्जिता अपि ३, आद्य विकल्पत्रयमेव भगवता सिद्धे

और उत्कृष्ट से ८३ की संख्या में उत्पन्न होते हैं वे सिद्ध नो चतुरशीति समर्जित कहे गये हैं२ 'जे णं सिद्धा चुलसीइएणं अन्नेण य जहन्नेणं एगेण वा दोहिं वा तीहिं वा०' जो सिद्ध चतुरशीति की संख्या में एवं जघन्य से एक, अथवा दो अथवा तीन की संख्या में उत्पन्न होते हैं और उत्कृष्ट से ८३ की संख्या में उत्पन्न होते हैं वे सिद्ध तृतीय भंगवाले कहे गये हैं३, 'से तेणट्ठेणं जाव समज्जिया' इसी कारण हे गौतम! मैंने ऐसा कहा है कि सिद्ध चतुरशीति से समर्जित भी हैं १ नो चतुरशीति से समर्जित भी हैं२, एवं एक चतुरशीति से और एक नो चतुरशीति से समर्जित भी हैं३ इस प्रकार भगवान ने सिद्ध में आदि के तीन विकल्प ही प्रदर्शित किये हैं। क्योंकि इन की वहां उचितता है।

---

८३ ત્યાશીની સંખ્યામાં ઉત્પન્ન થાય છે તે સિદ્ધો નો ચોર્યાશી સમર્જીત કહેવાય છે. २ 'जे णं सिद्धा चुलसीइएणं अन्नेण एगेण वा दोहिं वा तीहिं वा०' જે સિદ્ધો ચોર્યાશીની સંખ્યામાં તથા જઘન્યથી એક, બે, અથવા ત્રણની સંખ્યામાં ઉત્પન્ન થાય છે અને ઉત્કૃષ્ટથી ૮૩ ત્યાશીની સંખ્યામાં ઉત્પન્ન થાય છે. તે સિદ્ધો ત્રીજા ભંગવાળા કહેવાય છે. ३ 'से तेणट्ठेणं जाव समज्जिया' એ કારણથી હે ગૌતમ! મેં એવું કહ્યું છે કે-સિદ્ધો ચોર્યાશીથી સમર્જીત પણ હોય છે.१ નો ચોર્યાશીથી પણ સમર્જીત હોય છે. २ તથા એક ચોર્યાશી અને એક નો ચોર્યાશીથી પણ સમર્જીત હોય છે. ३ આ પ્રમાણે ભગવાને પહેલાના ત્રણ ભંગો જ સિદ્ધોમાં કહયા છે. કેમકે તે ત્રણ જ વિકલ્પો તેમાં સંભવે છે.

प्रदर्शितम्, एषामेवौचित्यादिति। 'एएसि णं भंते!' एतेषां खलु भदन्त! 'नेरइयाणं चुलसीइसमज्जियाणं१ नो चुलसीइसमज्जियाणं२ चुलसीईए य नो चुलसीईए य समज्जियाणं३ चुलसीइहिं य समज्जियाणं४ चुलसीइहिं य नो चुलसीईए य समज्जियाणं५' नैरयिकाणाम् चतुरशीतिसमर्जितानां१ नो चतुरशीतिसमर्जितानां२, चतुरशीत्या च नो चतुरशीत्या च समर्जितानाम् ३, चतुरशीतिभिश्च समर्जितानाम्४, चतुरशीतिभिश्च नो चतुरशीत्या च समर्जितानाम्५, 'सव्वेसिं' सर्वेषाम्, 'अप्पाबहुगं जहा छक्कसमज्जियाणं' अल्पबहुत्वं यथा षट्कसमर्जिता-

---

अब गौतमस्वामी नारकादिकों के चतुरशीति आदि विकल्पों के अल्प बहुत्व जानने के लिए प्रभु से ऐसा पूछते हैं-'एएसि णं भंते! नेरइयाणं चुलसीइसमज्जियाणं, नो चुलसीइसमज्जियाणं२ चुलसीईए य नो चुरसीईए य समज्जियाणं, चुलसीहिं य समज्जियाणं४ चुलसीइहि य नोचुलसीईए य समज्जिया णं०" हे भदन्त! चतुशीतिसमर्जित नारकों के बीच में नो चतुरशीति समर्जित नारकों के बीच में, एक चतुरशीति और एक नो चतुशीति समर्जित नारकों के बीच में, चतुरशीति समर्जित नारकों के बीच में ४ और अनेक चतुरशीति समर्जित एवं एक नो चतुरशीति समर्जित नारकों के बीच में कौनसे नारक कौन से नारक से अल्प हैं? कौन से नारक कौन से नारक से बहुत हैं? कौन से नारक कौन से नारक से तुल्य हैं? और कौनसे

હવે ગૌતમસ્વામી નારકાદિકોમાં ચોર્યાશી વિગેરે વિકલ્પોના અલ્પબહુપણાને જાણવાની ઇચ્છાથી પ્રભુને એવું પૂછે છે કે-'एएसि णं भंते! नेरइयाणं चुलसीइसमज्जियाणं १, नो चुलसीइसमज्जियाणं २, चुलसीइए य, नो चुलसीइए य समज्जियाणं, चुलसीहिं य समज्जियाणं४ चुलसीइहि य नो चुलसीइए य समज्जियाणं०' હે ભગવન્ ચોર્યાશી સમર્જીત નારકોમાં, નો ચોર્યાશી સમર્જીત નારકોમાં, એક ચોર્યાશી અને એક નો ચોર્યાશી સમર્જીત નારકોમાં, અનેક ચોર્યાશી સમર્જીત નારકોમાં ૪ તથા અનેક ચોર્યાશી સમર્જીત અને એક નો ચોર્યાશી સમર્જીત નારકોમાં કયા નારકોથી કયા નારકો અલ્પ છે? કયા નારકો કયા નારકોથી અધિક છે? કયા નારકો કયા નારકોની તુલ્ય છે? અને કયા નારકો કયા નારકોથી વિશેષાધિક છે? આ પ્રશ્નોના ઉત્તરમાં પ્રભુ તેઓને કહે છે કે-'सव्वेसिं अप्पाबहुगं जहा छक्कसमज्जियाणं जाव वेमा-

नाम् सर्वस्तोका नारकाश्चतुरशीतिसमर्जिताः १, तदपेक्षया संख्यातगुणा अधिका नो चतुरशीतिसमर्जिताः२, तदपेक्षया चतुरशीत्या च नो चतुरशीत्या च समर्जिताः संख्येयगुणा अधिकाः३, तदपेक्षया चतुरशीतिभिः समर्जिता असंख्यातगुणा अधिकाः४, तदपेक्षया चतुरशीतिश्च नो चतुरशीत्या च समर्जिताः संख्यातगुणा अधिकाः कथिताः५ इति। कियत्पर्यन्तमित्याह-'जाव वेमाणियाणं' यावद्वैमानिकानाम्, नारकवदेव भवनपतित आरभ्य वैमानिकपर्यन्तानामल्पबहुत्वमवगन्तव्यमिति। षट्क

नारक कौनसे नारक से विशेषाधिक हैं? इसके उत्तर में प्रभु उनसे कहते हैं—'सव्वेसिं अप्पाबहुगं जहा छक्कसमज्जियाणं जाव वेमाणियाणं, नवरं अभिलावो चुलसीइओ' हे गौतम! इन समस्त नारकियों का अल्प बहुत्व षट्कसमर्जित नारकों के जैसे कहना चाहिये, अर्थात्-सब से कम वे नारक हैं-जो चतुरशीतिसमर्जित हैं १ इनकी अपेक्षा संख्यातगुणें अधिक वे नारक हैं जो नो चतुरशीतिसमर्जित हैं। इनकी अपेक्षा संख्यातगुणें अधिक वे नारक हैं जो एक चतुरशीति से और एक नो चतुरशीति से समर्जित हैं इनकी अपेक्षा असंख्यातगुणें अधिक वे नारक हैं जो अनेक चतुरशीति से समर्जित हैं ४ और इनकी अपेक्षा संख्यातगुणें अधिक वे नारक हैं जो अनेक चतुरशीति से और एक नो चतुरशीति समर्जित हैं-ऐसा यह कथन कहांतक कहना चाहिये-सो इनके लिये कहा गया है कि-'जाव वेमाणियाणं' यह कथन नारकों जैसे ही भवनपति से लेकर वैमानिक तक के जीवों तक कहना चाहिये, अर्थात् नारकों के अल्प बहुत्व के जैसे ही भवनपति से लेकर वैमानिक तक के

णियाणं, नवरं अभिलावो चुलसीईओ' હે ગૌતમ! આ બધા જ નારકીયોનું અલ્પ-બહુપણું છ સમર્જીત નારકો પ્રમાણે સમજી લેવું. અર્થાત્-સૌથી કમ એ નારકો છે કે જે ચોર્યાશી સમર્જીત છે, ૧ તેની અપેક્ષાએ સંખ્યાતગણા અધિક તે નારકો છે કે જે નો ચોર્યાશી સમર્જીત છે, તેની અપેક્ષાએ સંખ્યાતગણા અધિક જેઓ એક ચોર્યાશીથી અને એક નો ચોર્યાશીથી સમર્જીત છે તે નારકો છે. તેની અપેક્ષાએ જે અનેક ચોર્યાશીથી સમર્જીત નારકો છે તેઓ અસંખ્યાતગણા અધિક છે. તથા તેઓની અપેક્ષાએ જેઓ અનેક ચોર્યાશીથી અને એક નો ચોર્યાશીથી સમર્જીત છે તેઓ સંખ્યાતગણા અધિક છે. આ પ્રમાણેનું આ કથન ક્યા સુધીનું સમજવું એ માટે કહેવામાં આવ્યું છે કે-'જાવ વેમાણિયાણં' આ કથન નારકોની જેમજ ભવનપતિથી લઈને વૈમાનિક સુધીના જેવું કરવું જોઈએ અર્થાત્ નારકોના અલ્પ-બહુપણાની જેમ જ ભવનપતિથી લઈને વૈમાનિક સુધીના જીવોનું

सूत्रापेक्षया वैलक्षण्यं दर्शयति-'नवरं अभिलावो चुलसीइओ' नवरम् अभिलापः यत्र षट्कसमर्जिता इति षट्कसूत्रे कथितम् तत्रेह चतुरशीतिसमर्जिता इति वक्तव्यमिति। 'एएसि णं भंते!' एतेषां खलु भदन्त! 'सिद्धाणं' 'सिद्धानाम्' चुलसीइसमज्जियाणं नो चुलसीइसमज्जियाणं चुलसीईए य नो चुलसीईए य समज्जियाणं' चतुरशीतिसमर्जितानाम्१, नो चतुरशीतिसमर्जितानाम्२, चतुरशीत्या नो चतुरशीत्या च समर्जितानाम्३, एषां त्रयाणां मध्ये 'कयरे कयरेहिंतो जाव विसेसाहिया वा' कतरे कतरेभ्योऽल्पा वा बहुका वा, तुल्या वा, विशेषाधिका वेति प्रश्नः। उत्तरमाह-'गोयमा' इत्यादि, 'गोयमा' हे गौतम! 'सव्वत्थोवा सिद्धा

जीवों का अल्प बहुत्व जानना चाहिये, परन्तु इसमें सिर्फ षट्क और चतुरशीतिपद को लेकर ही भिन्नता है और कोई भिन्नता नहीं है, षट्क सूत्र में जैसे षट्कपद को लेकर षट्कसमर्जित ऐसा अभिलाप कहा गया है वैसे ही यहां 'चतुरशीति' पद को जोड़ कर चतुरशीतिसमर्जित आदि अभिलाप कहना चाहिये, अब सूत्रकार प्रभु से ऐसा पूछते हैं-'एएसिं णं भंते! सिद्धाणं चुलसीइसमज्जियाणं, नो चुलसीइसमज्जियाणं चुलसीईए य नो चुलसीईए य समज्जियाणं' हे भदन्त! सिद्धों में जो ये तीन विकल्पकहे गये हैं-जैसे कि एक चतुरशीतिसमर्जित सिद्ध १ नो चतुरशीतिसमर्जित सिद्ध २ और एक चतुरशीति और एक नो चतुरशीतिसमर्जित सिद्ध ३ सो इन में कौनसे सिद्धों की अपेक्षा कौनसे सिद्ध अल्प हैं? और कौनसे बहुत हैं? कौनसे तुल्य हैं? और कौन से विशेषाधिक हैं? इसके उत्तर में प्रभु कहते हैं-गोयमा! सव्वत्थोवा

અલ્પ-અને બહુપણુ સમજી લેવું. તેમાં ફક્ત એટલો જ ફેર છે કે છ સમજીતમાં ષટ્ક પદ આવે છે તથ અહિયાં 'ચોર્યાશી' પદ કહેવું જોઈએ આ સિવાય અન્ય કોઈ પ્રકારે ભિન્નતા આવતી નથી.

હવે સૂત્રકાર પ્રભુને એવું પૂછે છે કે-'एएसि णं भंते! सिद्धाणं, चुलसीइसमज्जियाणं, नो चुलसीइसमज्जियाणं, चुलसीईए य, नो चुलसीईए य, समज्जियाणं' હે ભગવન્ સિદ્ધોમાં જે આ ત્રણ વિકલ્પો કહ્યા છે, જેમકે-એક ચોર્યાશી સમજીત સિદ્ધ ૧ નો ચોર્યાશી સમજીત સિદ્ધ ૨ તથા એક ચોર્યાશી અને એક નો ચોર્યાશી સમજીત સિદ્ધ ૩ આ સિદ્ધોમાં કયા સિદ્ધોની અપેક્ષાએ કયા સિદ્ધો અલ્પ છે? કયા સિદ્ધો કયા સિદ્ધોથી અધિક છે? અને કયા સિદ્ધો કયા સિદ્ધોની બરાબર તુલ્ય છે? અને કયા સિદ્ધો કયા સિદ્ધોથી વિશેષાધિક છે? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ કહે છે કે-'गोयमा! सव्वत्थोवा सिद्धा चुल-

चुलसीईए य नो चुलसीईए य समज्जिया' सर्वस्तोकाः सिद्धाः चतुरशीत्या च नो चतुरशीत्या च समर्जिताः, एतदपेक्षया 'चुलसीइसमज्जिया अणंतगुणा' चतुरशीतिसमर्जिताः सिद्धा अनन्तगुणा अधिका भवन्ति, 'नो चुलसीइसमज्जिया अणंतगुणा' एतदपेक्षया नो चतुरशीतिसमर्जिताः सिद्धा अनन्तगुणा अधिका भवन्ति। सर्वेभ्योऽल्पीयांसः तृतीयविकल्पविकल्पिताः सिद्धाः, सर्वेभ्योऽधिका द्वितीयविकल्पविकल्पिताः सिद्धाः, प्रथमविकल्पविकल्पितास्तु अपेक्षया अल्पा अपि अपेक्षया अधिका अपीति॥ 'सेवं भंते ! सेवं भंते त्ति जाव विहरइ' तदेवं भदन्त ! तदेवं भदन्त ! इति यावद् विहरति, हे भदन्त ! षट्कादिविषये यद्देवा-

---

सिद्धा चुलसीईए य नो चुलसीईए य समज्जिया' हे गौतम ! सब से कम सिद्ध एक चतुरशीतिसे और एक नो चतुरशीति से समर्जित हैं अर्थात् तृतीयविकल्पवाले सिद्ध सब से कम हैं, इनकी अपेक्षा वे सिद्ध अनन्तगुणें हैं जो 'चुलसीइसमज्जिया' इस प्रथम विकल्प वाले हैं और इनकी अपेक्षा वे सिद्ध अनन्तगुणें हैं जो 'नो चुलसीइसमज्जिया' इस द्वितीय विकल्पवाले हैं। इस प्रकार सब से कम तृतीयविकल्पवाले सिद्ध हैं। द्वितीयविकल्पवाले सिद्ध सबसे अधिक हैं और प्रथमविकल्पवाले सिद्ध अपेक्षाकृत अल्प भी है और अधिक भी हैं। 'सेवं भंते ! सेवं भंते ! त्ति जाव विहरइ' हे भदन्त ! षट्कादिविषय में जो आप देवानुप्रिय ने कहा है वह सर्वथा सत्य ही है२ इस प्रकार

सीईए य नो चुलसीईए य समज्जिया' हे गौतम ! सौथी ओछ सिद्ध એક ચોર્યાશીથી અને એક નો ચોર્યાશીથી સમર્જીત છે અર્થાત્ ત્રીજા વિકલ્પવાળા સિદ્ધ સૌથી અલ્પ કમ છે. તેની અપેક્ષાએ 'चुलसीइसमज्जिया' ચોર્યાશી સમર્જીત સિદ્ધ અનન્તગણા છે. અર્થાત્ પહેલા વિકલ્પવાળા સિદ્ધો અનંતગણા છે અને તેઓની અપેક્ષાએ જે સિદ્ધો 'नो चुलसीइसमज्जिया' જેઓ નો ચોર્યાશી સમર્જીત છે તેઓ અનંતગણા છે આ ત્રીજા વિકલ્પવાળા સિદ્ધો છે. આ રીતે સૌથી ઓછા ત્રીજા વિકલ્પવાળા સિદ્ધો છે ત્રીજા વિકલ્પવાળા સિદ્ધો સૌથી અધિક છે તથ પહેલા વિકલ્પવાળા સિદ્ધો અપેક્ષાએ અલ્પ પણ છે. અને અપેક્ષાએ અધિક પણ છે. તેમ સમજવુ

'सेवं भंते ! सेवं भंते त्ति जाव विहरइ' હે ભગવન્ ! સમર્જીત વિગેરે વિષયમાં આપ દેવાનુપ્રિયે જે પ્રમાણે કહ્યું છે, તે સર્વથા સત્ય છે, આપ દેવાનુપ્રિયનું કથન સર્વ પ્રકારે સત્ય જ છે. આ પ્રમાણે કહીને ગૌતમ

त्तुपियेण कथितम् तत् एवमेव सर्वथा सत्यमेवेति कथयित्वा गौतमो भगवन्तं वन्दते नमस्यति, वन्दित्वा नमस्थित्वा संयमेन तपसा आत्मानं भावयन् विहरतीति भावः ॥सू०४॥

॥ इति श्री विश्वविख्यात-जगद्वल्लभ-प्रसिद्धवाचक-पञ्चदशभाषा-कलितललितकलापालापकपविशुद्धगद्यपद्यनैकग्रन्थनिर्मापक, वादिमानमर्दक-श्रीशाहूच्छत्रपति कोल्हापुरराजप्रदत्त-'जैनाचार्य' पदभूषित—कोल्हापुरराजगुरु-बालब्रह्मचारि — जैनाचार्य — जैनधर्मदिवाकर -पूज्यश्री घासिलालव्रतिविरचितायां श्री "भगवतीसूत्रस्य" प्रमेयचन्द्रिकाख्यायां व्याख्यायायां विंशतितमशतके दसमोद्देशकः समाप्तः॥२०-१०॥

॥ समाप्तश्च विंशतिशतकः ॥

कहकर गौतम ने प्रभु की वन्दना की, उन्हें नमस्कार किया और वन्दना नमस्कार कर फिर वे तप एवं संयम से आत्मा को भावित करते हुए अपने स्थान पर विराजमान होगये ॥सू०४॥

जैनाचार्य जैनधर्मदिवाकर पूज्यश्री घासीलालजी महाराजकृत "भगवतीसूत्र" की प्रमेयचन्द्रिका व्याख्याके वीसवें शतकका दसवां उद्देशक समाप्त ॥ २०-१० ॥

॥ इस प्रकार यह २० वां शतक समाप्त हुआ ॥

સ્વામીએ પ્રભુને વંદના કરી નમસ્કાર કર્યા અને વંદના નમસ્કાર કરીને તે પછી તેઓ તપ અને સંયમથી પોતાના આત્માને ભાવિત કરતા થકા પોતાને સ્થાને બિરાજમાન થઇ ગયા ॥ સૂ૦ ૪ ॥

જૈનાચાર્ય જૈનધર્મદિવાકરપૂજ્યશ્રી ઘાસીલાલજી મહારાજ કૃત "ભગવતીસૂત્ર"ની પ્રમેયચન્દ્રિકા વ્યાખ્યાના વીસમા શતકનો દસમો ઉદ્દેશક સમાપ્ત ॥૨૦-૧૦॥

આ પ્રમાણે આ ૨૦ વીસમું શતક સમાપ્ત થયું.

卐

॥ अथ एकविंशतिशतकमारभ्यते ॥

व्याख्यातं विंशतितमं शतकम्, अथावसरसंगत्या एकविंशतितमं शतकमारभ्यते तस्योद्देशकवर्गसंग्रहायेयं गाथा-'सालिकल' इत्यादि,

मूलम्-'सालि कलं अयसि वंसे, इक्खू दब्भे य अब्भ तुलसी य।
अट्ठे ए दसवग्गा, असीतिं पुण होंति उद्देसा' ॥१॥

छाया—शालि१कला२तसी३ वंश४, इक्षु५ दर्भश्च६ अभ्र७ तुलसी च।
अष्टौ ते दशवर्गा, अशीतिः पुन र्भवन्ति उद्देशाः।

अर्थ— 'सालि' इति-शाल्यादि धान्यविशेषाः ओषधयः कथ्यन्ते, तद्विषयकोद्देशकदशात्मकः प्रथमो वर्गः१, स च वर्गः शालिशब्देनोच्यते इह शतके अष्टौ वर्गाः, प्रतिवर्गे दशदशोद्देशकाः सन्ति दशोद्देशकाश्चैवम्—

एकवीसवें शतक का प्रारंभ

पहला उद्देशा

बीसवां शतक व्याख्यात हो चुका, अब अवसर प्राप्त इक्कीसवां शतक प्रारंभ होता है इसमें जो उद्देश और वर्ग है उसे संग्रह करके प्रकट करने वाली यह गाथा है—

सालि१ कल२ अयसि३ वंसे४ इक्खू५ दब्भे य६ अब्भ७ तुलसी य८
अट्ठे ए दसवग्गा असीति पुण होंति उद्देसा ॥१॥

शालि आदि धान्य विशेष होते हैं और ये ओषधिरूप कहे जाते हैं इन शालि आदि के सम्बन्ध में जो दश उद्देशे हैं सो इन दश उद्देशात्मक प्रथम वर्ग है यह वर्ग शालि शब्द से कहा गया है इस शतक

એકવીસમા શતકનો પ્રારંભ—

પહેલો ઉદ્દેશો

વીસમું શતક કહેવાઈ ગયું હવે અવસરપ્રાપ્ત એકવીસમા શતકનો પ્રારંભ થાય છે. તેમાં જે ઉદ્દેશો અને વર્ગ છે. તેનો સંગ્રહ કરીને બતાવનારી આ ગાથા છે—

સાલી ૧ કલ ૨ અયસિ ૩ વંસે ૪ ઇક્ખૂ ૫ દબ્ભે ય ૬ અબ્ભ ૭ તુલસી ય, અટ્ઠે ૮ દસવગ્ગા અસીતિ પુણ હોંતિ ઉદ્દેસા ॥ ૧ ॥

શાલી વિગેરે ધાન્ય વિશેષ હોય છે. અને તે ઔષધી રૂપ કહેવાય છે આ શાલિવિગેરે સંબંધી જે દસ ઉદ્દેશાઓ છે, તે આ દસ ઉદ્દેશાત્મક પહેલોવર્ગ છે. આ વર્ગ શાલી શબ્દ થી કહેયો છે. આ શતકમાં આઠ વર્ગ છે.

'मूले१, कंदे२, खंधे३, तया य४, साले५, पवाल६, पत्ते य७।
पुप्फे८ फल९ बीए१० वि य, एक्केको होइ उद्देसो ॥१।
मूलं१कन्द२ः स्कन्ध३ः त्वक्च४ शाला५ प्रवालः६ पत्रं च७।
पुष्पं फलं बीजम्, एकैको भवत्युद्देशः ॥१॥ इतिच्छाया।
'कलइति' कलायो धान्यविशेषः ओषधिः कथ्यते तद्विषयको द्वितीयो

में आठ वर्ग है-प्रति वर्ग में १०-१० उद्देशक हैं वे दश उद्देशक इस प्रकार से हैं—

मूले१ कंदे२ खंधे३ तया य४ साले५ पवाल६ पत्ते य७।
पुप्फे८ फल९ बीए१० वि य एक्केक्को होइ उद्देसो ॥१॥

मूल के सम्बन्ध में जो उद्देश है वह मूलोद्देश है १, कन्द के सम्बन्ध में जो उद्देशक है वह कन्दोद्देशक है२, स्कन्ध के सम्बन्ध में जो उद्देशक है वह स्कन्धोद्देशक है ३, त्वचा के सम्बन्ध में जो उद्देशक है वह त्वचोद्देशक या त्वगुद्देशक है ४, शाखा के सम्बन्ध में जो उद्देशक है वह शाखोद्देशक है ५, प्रवाल के सम्बन्ध में जो उद्देशक है वह प्रवालोद्देशक है ६, पत्र के सम्बन्ध में जो उद्देशक है वह पत्रोद्देशक है ७, पुष्प के सम्बन्ध में जो उद्देशक है वह पुष्पोद्देशक है ८, इसी प्रकार से फल, और बीज के सम्बन्ध में भी उद्देशक जानना चाहिये।

कल नाम कलाय का है और यह मटर या वटला वाचक होता है यह एक प्रकार का अनाज होता है। यह भी ओषधिरूप कहा गया है

-प्रत्येक वर्ग માં ૧૦-૧૦ ઉદ્દેશાઓ છે. તે દશ ઉદ્દેશાઓ આ પ્રમાણે છે-'

'मूले १ कंदे २ खंधे ३ तया य ४ साले ५ पवाल ६ पत्ते य ७।
पुप्फे ८ फल ९ बीए १० वि य एक्केक्को होई उद्देसो ॥ १ ॥

મૂળ સંબંધી જે ઉદ્દેશો છે, તે મૂલોદ્દેશ છે. ૧ કંદ સંબંધી જે ઉદ્દેશો છે. તે કન્દોદ્દેશ છે. ૨ સ્કંધ સંબંધી જે ઉદ્દેશો છે, તે સ્કંધ ઉદ્દેશ છે ૩ ત્વચા-છાલ સંબંધી જે ઉદ્દેશો છે તે ત્વચોદ્દેશ અથવા ત્વગુદ્દેશ છે. ૪ શાખા સંબંધી જે ઉદ્દેશો છે તે શાખોદ્દેશક છે. ૫, પ્રવાલ-કૂંપળો સંબંધી જે ઉદ્દેશો છે, તે પ્રવાલોદ્દેશ છે ૬ પત્ર સંબંધી જે ઉદ્દેશો છે, તે પત્રોદ્દેશક છે. ૭ પુષ્પ સંબંધી જે ઉદ્દેશક છે, તે પુષ્પોદ્દેશક છે એજ રીતે ફલ અને બીજ સંબંધી ઉદ્દેશાઓ પણ સમજવા.

કલ નામ કલાયનુ છે, અને તે મટર અથવા વટાણા વાચક હોય છે આ એક પ્રકારનું ધ ન્ય-અનાજ હોય છે. આને પણ ઔષધી રૂપ કહ્યું છે. આના સંબ ધમાં

वर्गः२। 'अयसी' इति अतसीप्रभृतिधान्यविशेषः अतसपि ओषधिरेव, तद्विषयकस्तृतीयो वर्गः३। 'वंस' इति' वंशप्रभृतिपर्वयुक्तवनस्पतिविशेषविषयक श्चतुर्थो वर्ग ४। 'इक्खु' इति' इक्षुप्रभृतिपर्वयुक्तवनस्पतिविशेषविषयकः पञ्चमो वर्ग.५। 'दब्भे' इति, दर्भपदमुपलक्षणम् 'सेडियमंडियकोंतियदब्भे' इत्यादि, दर्भनामकतृणविशेषविषयकः षष्ठो वर्गः। 'अब्भ' अभ्र इति अभ्ररुहः -अभ्रे —आकाशे यो रोहति सोऽभ्ररुहः, मेघवर्षणानन्तरम् भूमिमुद्भिद्य छत्राकारेण जायमान (छत्राक) इति प्रसिद्धो वनस्पतिविशेषः। तत्प्रभृतिपत्रशाकविषयकः सप्तमो वर्ग ७। 'तुलसी य' तुलसीप्रभृतिहरितभेदवनस्पतिविषयकोऽष्टमो वर्गः८।

इससे सम्बन्ध रखने वाला द्वितीय वर्ग है, अतसी नाम अलसी का है यह भी एक प्रकार का धान्य विशेषरूप होता है, इसे भी ओषधि ही कहा गया है इसके सम्बन्ध में तृतीयवर्ग है, वांस आदि जो पर्व वाली वनस्पतियां हैं वे यहां 'वंस' शब्द से गृहीत हुए हैं-इनके विषय में चतुर्थ वर्ग है, इक्षु (सेरडी) आदि पर्ववाली वनस्पति विशेष के सम्बन्ध में पंचमवर्ग है 'सेडिय मंडिय कोंतिय दब्भे' इस कथन के अनुसार दर्भादि उपलक्षण है इस दर्भ नामक तृण विशेष के सम्बन्ध में छट्ठा वर्ग है अभ्र से यहां अभ्ररुह लिया गया है जो अभ्र आकाश में उगता है-पैदा होता है वह अभ्ररुह है यह अभ्ररुह वनस्पतिविशेष रूप कहा गया है यह मेघ के वर्षण के बाद भूमि को फाड़कर छत्र के आकार से उत्पन्न होता है इसे भाषा में छत्रक कहते हैं। इस छत्रक आदि पत्रशाक के सम्बन्ध में सप्तम वर्ग है तुलसी आदि हरित

બીજો વર્ગ છે. અતસી અળસીનું નામ છે આ પણ એક પ્રકારનું ધાન્ય વિશેષ હોય છે. આને પણ ઔષધીરૂપ જ કહ્યું છે તેના સંબંધમાં ત્રીજો વર્ગ છે વાંસ વિગેરે પર્વવાળી (ગાઠોવાળી) જે વનસ્પતિ હોય છે, તેને અહિયાં 'વંસ' શબ્દથી ગૃહણ કરેલ છે તેના સંબંધમાં ચોથો વર્ગ છે ઈક્ષુ (શેરડી) વિગેરે પર્વવાળી વનસ્પતિ વિશેષના સંબંધમાં પાંચમો વર્ગ છે 'सेडिय मंडिय कोंतिय दब्भे' આ કથન પ્રમાણે દર્ભ પદ ઉપલક્ષણ છે. આ દર્ભ નામના તૃણ વિશેષના સંબંધમાં છઠ્ઠો વર્ગ છે અભ્રથી અહિયાં અભ્રરૂહ ગ્રહણ કરેલ છે જે અભ્ર-વાદળ આકાશમાં ઉગે છે-ઉત્પન્ન થાય છે. તે અભ્રરૂહ છે. આ અભ્રરૂહને વનસ્પતિ વિશેષરૂપ કહેલ છે. આ અભ્રરૂહ વર્ષાદ વર્ષ રહ્યા પછી ભૂમીની અંદરથી છત્રના આકારથી ઉત્પન્ન થાય છે. આને ભાષામાં છત્રક કે છત્રી કહે છે. આ છત્રક વિગેરે પત્રશાકસંબંધી સાતમોવર્ગ છે. તુળસી વિગેરે લીલી વનસ્પતિ

अट्ठे ए दस वग्गा' अष्टावेते दशवर्गाः अष्टौ एते अनन्तरोक्ता दशानां दशानामुद्देशकानां संबन्धिनो उद्देशसमुदायात्मकाः ये दशवर्गाः। 'असीतिं पुण उद्देसा' अशीतिः पुनरुद्देशा अशीतिरशीतिसंख्यकाः पुनरुद्देशका भवन्ति एकैकस्मिन् वर्गे उद्देशकदशकस्य सद्भावात् इति। एतेषु अष्टवर्गेषु यः प्रथमो वर्गः औषधिवनस्पतिजातिगतशालिनामकः तत्रापि प्रथमउद्देशकः तस्य प्रथमोद्देशकः स च व्याख्यायते, तस्येदमादिमं सूत्रम्-'रायगिहे' इत्यादि।

मूलम्-'रायगिहे जाव एवं वयासी अह भंते! साली वीही गोधूमजवजवजवाणं एएसिं णं भंते! जीवा मूलत्ताए वक्कमंति ते णं भंते! जीवा कओहिंतो उववज्जंति किं नेरइएहिंतो जाव उववज्जंति तिरिक्खजोणिएहिंतो वा मणुस्सेहिंतो वा देवेहिंतो वा जहा वक्कंतीए तहेव उववाओ नवरं देववज्जं। ते णं भंते! जीवा एगसमएणं केवइया उववज्जंति? गोयमा! जहन्नेणं एक्को वा दो वा तिन्नि वा उक्कोसेणं संखेज्जा वा असंखेज्जा वा उववज्जंति, अवहारो वा उप्पलुद्देसे। तेसि णं भंते! जीवाणं के महालिया सरीरोगाहणा पन्नत्ता? गोयमा! जहन्नेणं

वनस्पतिविशेष के सम्बन्ध में आठवां वर्ग है इस प्रकार से ये आठ वर्ग है और प्रत्येक वर्ग में दश २ उद्देशक हैं इस प्रकार कुल उद्देशक ८० हो जाते हैं। इन आठ वर्गों में जो ओषधि-वनस्पति जाति गत शालिनाम का प्रथम वर्ग है और इसका जो प्रथम उद्देश है सो अब वह प्रथम उद्देश व्याख्यायुक्त किया जाता है-इसका यह-'रायगिहे' इत्यादि प्रथम सूत्र है—'रायगिहे जाव एवं वयासी' इत्यादि।

વિશેષના સંબંધમાં આઠમો વર્ગ છે. આ રીતે આ આઠ વર્ગો છે. અને પ્રત્યેક વર્ગ માં દસ દસ ઉદ્દેશાઓ છે આ પ્રમાણે કુલ એંશી ઉદ્દેશાઓ થઈ જાય છે. આ આઠ વર્ગમાં જે ઔષધી વનસ્પતિ વિશેષ શાલી નામનો પહેલો વર્ગ છે, અને તેનો જે પહેલો ઉદ્દેશો છે, તે પહેલા ઉદ્દેશાની હવે વ્યાખ્યા કરવામાં આવે છે. તેનું પહેલું સૂત્ર આ પ્રમાણે છે. 'रायगिहे जाव एवं वयासी' ઇત્યાદિ

अंगुलस्स असंखेज्जइभागं उक्कोसेणं धणुहपुहुत्तं। ते णं भंते! जीवा णाणावरणिज्जस्स कम्मस्स किं बंधगा अबंधगा जहा उप्पलुद्देसे एवं वेदे वि, उदए वि उदीरणाए वि। ते णं भंते! जीवा किं कण्णलेस्सा नीललेस्सा काउलेस्सा छव्वीसं भंगा, दिट्ठी जाव इंदिया जीवा जहा उप्पलुद्देसे। ते णं भंते! साली वीही गोधूम जवजवजवगमूलगजीवेति कालओ केवच्चिरं होंति? गोयमा! जहन्नेणं अंतोमुहुत्तं, उक्कोसेणं असंखेज्जं कालं। से णं भंते! साली वीही गोधूम जवजवजवगमूलगजीवेत्ति पुढवीजीवे पुणरवि साली वीही गोधूमजवजवगमूलग जीवेत्ति केवइयं कालं संवेज्जा केवइयं कालं गइरागइं करिज्जा? एवं जहा उप्पलुद्देसे। एएणं अभिलावेणं जीवे मणुस्स जाव आहारो जहा उप्पलुद्देसे। ठिती जहन्नेणं अंतोमुहुत्तं उक्कोसेणं वासपुहुत्तं। समुग्घायसमोहया उव्वट्टणा य जहा उप्पलुद्देसे। अह भंते! सव्वपाणा जाव सव्वसत्ता साली वीही गोधूम जवजवजवगमूलग जीवत्ताए उववन्नपुव्वा? हंता, गोयमा! असइं अदुवा अणंतखुत्तो। सेवं भंते! सेवं भंते! त्ति ॥सू० १॥

एकवीसइमे सए पढमवग्गस्स पढमो उद्देसो समत्तो॥२१-१॥

छाया—राजगृहे यावदेवमवादीत्-अथ भदन्त! शालिव्रीहि गोधूम जवजवजवानाम् एतेषां खलु भदन्त! जीवा मूलतया अवक्रामन्ति (उत्पद्यन्ते)। ते खलु भदन्त! जीवा केभ्य उत्पद्यन्ते किं नैरयिकेभ्यो यावदुत्पद्यन्ते तिर्यग्योनिकेभ्यो वा मनुष्येभ्यो वा देवेभ्यो वा यथा व्युत्क्रान्तौ तथैव उपपातः। नवरं देववर्जम्। ते खलु भदन्त! जीवा एकसमयेन कियन्त उत्पद्यन्ते? गौतम! जघन्येन एको वा द्वौ वा त्रयो वा उत्कर्षेण संख्येया वा असंख्येया वा उत्पद्यन्ते अपहारो वा यथा

उत्पलोद्देशके। तेषां खलु भदन्त ! जीवानाम् कियन्महती शरीरावगाहना प्रज्ञप्ता ? गौतम ! जघन्येनाङ्गुलस्यासंख्येयभागम् उत्कर्षेण धनुः-पृथक्त्वम् । ते खलु भदन्त ! जीवा ज्ञानावरणीयस्य कर्मणः किं बन्धका अबन्धका ? यथोत्पलोद्देशके। एवं वेदेऽपि उदयेऽपि उदीरणायामपि । ते खलु भदन्त ! जीवाः किं कृष्णलेश्याः नीललेश्याः, कापोतिकलेश्याः, षड्विंशति भङ्गाः । दृष्टिर्यावदिन्द्रियाणि यथोत्पलोद्देशके । ते खलु भदन्त ! जीवाः शालिव्रीहि गोधूमयवयवकयवमूलकजीवा इति कालतः कियच्चिरं भवन्ति ? गौतम ! जघन्येन अन्तर्मुहूर्त्तम् उत्कर्षेण असंख्येयं कालम् । स खलु भदन्त ! शालिव्रीहिगोधूमयवयवयवकमूलकजीवः पृथिवीजीवः पुनरपि शालिव्रीहिगोधूमयवयवयवकमूलकजीव इति कियन्तं कालं सेवेत कियन्तं कालं गतिमागतिं कुर्यात् एवं यथोत्पलोद्देशके । एतेनाभिलापेन जीवो मनुष्य यावत् आहारो यथा उत्पलोद्देशके स्थितिर्जघन्येनान्तर्मुहूर्त्तम् उत्कर्षेण वर्षपृथक्त्वम् । समुद्घातः समवहतः उद्वर्तना च यथोत्पलोद्देशके । अथ भदन्त ! सर्वप्राणाः यावत् सर्वसत्त्वाः शालिव्रीहि यवयवयवकमूलकजीवतया उत्पन्नपूर्वाः ? हन्त ! गौतम असकृत् अथवा अनन्तकृत्वः तदेवं भदन्त ! तदेवं भदन्त इति ॥१॥

॥ एकविंशतितमे शतके प्रथमवर्गस्य प्रथमोद्देशकः समाप्तः ॥

टीका—'रायगिहे जाव एवं वयासी' राजगृहे यावदेवमवादीत् अत्र यावत्पदेन भगवतः समवसरणममूत्, परिषत् निर्गता धर्मकथोपदेशो जातः, परिषत् प्रतिगता, प्राञ्जलिपुटो गौतमः, एतत्पर्यन्तप्रकरणस्य ग्रहणं भवति, 'अह भंते !' अथ भदन्त ! 'सालिवीहि गोधूमजवजवजवाणं' शालिव्रीहिगोधूमयवयवयवानाम्

टीकार्थ—राजगृह नगर गुणशिलक चैत्य-उद्यान में भगवान् से गौतम ने यावत् इस प्रकार से पूछा-यहां यावत्पद से ऐसा पाठ लगाना चाहिये-कि 'भगवान् का समवसरण हुआ परिषत् निकली धर्मकथारूप उपदेश हुआ परिषत् धर्मोपदेश सुनकर वापिस चली गई और फिर गौतम ने दोनों हाथ जोड़ कर प्रभु से इस प्रकार पूछा—

ટીકાર્થ-રાજગૃહ નગરના ગુણશિલક નામના ચૈત્ય-ઉદ્યાનમાં ભગવાનને ગૌતમસ્વામીએ યાવત્ આ પ્રમાણે પૂછયું-અહિયા યાવત્ પદથી આ પ્રમાણેનો પાઠ ગ્રહણ કરવો જોઇએ કે-રાજગૃહ નગરમાં ભગવાનનું સમવસરણ થયું. પરિષદ ભગવાનને વંદનાકરવા નગરની બહાર નીકળી. ભગવાને ધર્મકથા કહી. ધર્મદેશના સાંભળીને પરિષદ્ ભગવાનને વંદના કરીને પોતપોતાને સ્થાને પાછી ગઈ તે પછી ગૌતમસ્વામીએ બન્ને હાથ જોડીને પ્રભુને આ પ્રમાણે પૂછયું-'અહ ભંતે ! સાલિવિહીગોધૂમજવજવજવાણં' હે ભગ-

'एएसि णं भंते' एतेषां खलु भदन्त ! 'जीवा' जीवाः शालिगोधूमादि संबन्धिनो जीवाः 'मूलत्ताए वक्कमंति' एतेषां मूलतया अवक्रामन्ति उत्पद्यन्ते 'ते णं भंते ! जीवा' ते खलु भदन्त ! जीवाः 'कओहिंतो उववज्जंति' केभ्यः स्थानेभ्य आगत्य अत्रोत्पद्यन्ते, 'किं नेरइएहिंतो' किं नैरयिकेभ्य आगत्य अत्र शाल्यादौ 'उववज्जंति' उत्पद्यन्ते किमित्यर्थः। अथवा 'तिरिक्खजोणिएहिंतो वा मणुस्सेहिंतो वा देवेहिंतो वा' तिर्यग्योनिकेभ्यो वा मनुष्येभ्यो वा देवेभ्यो वा आगत्योत्पद्यन्ते ? इति प्रश्नः। 'जहा' इत्यादि, 'जहा वक्कंतीए तहेव उववाओ' यथा व्युत्क्रान्तौ तथैवोपपातः, यथा-येन प्रकारेण व्युत्क्रान्तिपदे प्रज्ञापनायाः षष्ठे पदे कथितो जीवानामुपपातः समुत्पत्तिस्तथैव इहापि समुपपातो वर्णनीयः, प्रज्ञापनायाः षष्ठे पदे एवं वर्णितम्-शाल्यादि मूले ये जीवा उत्पद्यन्ते ते जीवा नो

'अह भंते ! सालिवीहिगोधूमजवजवजवाणं' हे भदन्त ! शालि, व्रीहि, गोधूम-गेहूं यावत् जवजवजवक इनके मूलरूप से जो जीव उत्पन्न होते हैं 'ते णं भंते ! कओहिंतो उववज्जंति' वे जीव कहां से आकर के उत्पन्न होते हैं ? 'किं नेरइएहिंतो जाव उववज्जंति' क्या नरक से आकरके शालि आदि में उत्पन्न होते हैं, अथवा 'तिरिक्खजोणिएहिंतो वा मणुस्सेहिंतो वा' तिर्यञ्च योनि से आकर के उत्पन्न होते है ? या मनुष्ययोनि से आकरके उत्पन्न होते हैं या देवगति से आकरके उत्पन्न होते हैं ? इसके उत्तर में प्रभु कहते हैं-जहा वक्कंतीए तहेव उववाओ' हे गौतम ! जिस प्रकार से व्युत्क्रान्तिपद में-प्रज्ञापना के छटे पद में जीवों का उपपाद कहा गया है उसी प्रकार से यहां पर भी उसका कथन करना चाहिये प्रज्ञापना के छटे पद में इस प्रकार से वर्णन है के

વન્ શાલી, વ્રીહી ઘઉં યાવત્ જવજવજવક તેને મૂળરૂપે જે જીવો ઉત્પન્ન થાય છે, 'ते णं भंते ! कओहिंतो उववज्जंति' તે જીવો કયાંથી આવીને ઉત્પન્ન થાય છે. 'किं नेरइएहिंतो जाव उववज्जंति' શું નારકથી આવીને શાલિ વિગેરેમાં ઉત્પન્ન થાય છે ? અથવા 'तिरिक्खजोणिएहिंतो वा मणुस्सेहिंतो वा देवेहिंतो वा' તિર્યંચ યોનિમાંથી આવીને ઉત્પન્ન થાય છે ? અથવા મનુષ્ય યોનિમાંથી આવીને ઉત્પન્ન થાય છે ? અથવા દેવગતિથી આવીને ઉત્પન્ન થાય છે ? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ કહે છે કે-जहा वक्कंतीए तहेव उववाओ' હે ગૌતમ ! જે પ્રમાણે વ્યુત્ક્રાંતિપદમાં-પ્રજ્ઞાપનાના છઠ્ઠા પદમાં જીવોનો ઉપપાત કહેલ છે; એજ રીતે અહિંયા પણ તેનું કથન કરી લેવું. પ્રજ્ઞાપનાના છઠ્ઠા પદમાં

नारकेभ्य आगत्य इहोत्पद्यन्ते किन्तु तिर्यङ्मनुष्येभ्य आगत्यैवोत्पद्यन्ते इति। तथा व्युत्क्रान्तिपदे देवानामपि वनस्पतिषूत्पत्तिरुक्ता इह तु देवानामुत्पत्तिर्न वक्तव्या। वनस्पतिमूले देवानामुत्पत्तेरभावात्, किन्तु पुष्पादि शुभस्थाने एव देवानामुत्पत्तिरतएवोक्तम् 'नवरं देववज्जं' नवरं-केवलदेववर्जम् अत्राध्येतव्यम् तत्र देवानामपि वनस्पत्यादौ उत्पत्तिरुक्ता इह तु सा न वक्तव्या एतावानेव भेद उभयत्रेति। गौतमः पृच्छति-'ते णं भंते ! जीवा' ते खलु भदन्त जीवा गत्यन्तरेभ्य आगत्य ये जीवा मूलतया समुत्पद्यन्ते ते जीवाः 'एगसमएणं केवइया उववज्जंति' एकसमयेन कियन्त उत्पद्यन्ते एकस्मिन् समये कियतां जीवानामुत्पत्ति र्भवतीति प्रश्नः। भगवानाह-'गोयमा' इत्यादि, 'गोयमा' हे गौतम ! 'जहन्नेणं

मूल में जो जीव उत्पन्न होते हैं वे जीव नरक से आकरके उत्पन्न नहीं होते हैं किन्तु तिर्यंचगति एवं मनुष्यगति से आकर के ही वहां उत्पन्न होते हैं। तथा-व्युत्क्रान्ति पद में देवों की भी उत्पत्ति वनस्पतियों में कहीगई है परन्तु देवों की उत्पत्ति यहां नहीं कहनी चाहिये क्योंकि वनस्पतिमूल में देवों की उत्पत्ति नहीं होती है उनकी उत्पत्ति तो पुष्पादि रूप शुभस्थान में ही होती है इसीलिये ऐसा कहा गया है कि 'नवरं देववज्जं' इत्यादि।

अब गौतम ! प्रभु से ऐसा पूछते हैं-'ते णं भंते ! जीवा एगसमएणं केवइया उववज्जंति' हे भदन्त ! वे जीव एक समय में कितने उत्पन्न होते हैं ? अर्थात् गत्यन्तर से आकरके जो जीव मूलरूप से उत्पन्न होते हैं वे एक समय में वहां कितने उत्पन्न होते हैं ? इस प्रश्न के उत्तर में प्रभु कहते हैं-'गोयमा ! जहन्नेणं एक्को वा दो वा तिन्नि

આ પ્રમાણે વર્ણન છે, શાલી વિગેરેના મૂળમાં જે જીવો ઉત્પન્ન થાય છે, તે જીવો નરકથી આવીને ઉત્પન્ન થતા નથી, પરંતુ તિર્યંચગતિ અને મનુષ્યગતિથી આવીને ઉત્પન્ન થાય છે, તથા વ્યુત્ક્રાંતિ પદમાં દેવોની ઉત્પત્તી પણ વનસ્પતિયોમાં કહી છે પરંતુ દેવોની ઉત્પત્તી અહિયાં કહેવાની નથી. કેમકે વનસ્પતિના મૂળમાં દેવોની ઉત્પત્તી હોતી નથી. તેઓની ઉત્પત્તી તો પુષ્પ વિગેરે શુભસ્થાનોમાં જ હોય છે, તેથી એવું કહેવામાં આવ્યુ છે. 'नवरं देववज्जं'

હવે ગૌતમસ્વામી પ્રભુને એવું પૂછે છેકે-'ते णं भंते ! जीवा एगसमएणं केवइया उववज्जंति' હે ભગવાન્ તે જીવો એક સમયમાં કેટલા ઉત્પન્ન થાય છે ? અર્થાત્ ગત્યન્તરથી આવીને જે જીવો મૂળરૂપે ઉત્પન્ન થાય છે, તેઓ એક સમયમાં ત્યાંકેટલા ઉત્પન્ન થાય છે ? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ કહે છે

एक्को वा दोवा तिन्नि वा' जघन्येन एको वा द्वौ वा त्रयो वा समुत्पद्यन्ते यद्यपि सामान्यतो वनस्पतिषु प्रतिसमयमनन्तानामुत्पत्तिर्भवति तथापि अत्र शाल्यादीनां प्रत्येकशरीरत्वात् एकाद्युत्पत्तिर्न विरुद्धेति। जघन्यत एकस्य द्वयोर्वा त्रयाणां वोत्पत्तिर्भवति 'उक्कोसेणं संखेज्जा वा असंखेज्जा वा उववज्जंति' उत्कर्षेण संख्येया वा असंख्येया वा उत्पद्यन्ते शाल्यादौ जीवा इति। 'अवहारो जहा उप्पलुद्देसे' अपहारो यथा उत्पलोद्देशके, उत्पलोद्देशके एकादशशतकस्य प्रथमो देशकस्तत्र च जीवानामपहार एवमुक्तः, तथाहि—

'ते णं भंते! जीवा समए समए अवहीरमाणा२ केवइयकालेणं अवहीरंति? गोयमा! ते णं असंखेज्जा, समए२ अवहीरमाणा२ असंखेज्जाहिं उस्सप्पिणि

वा' हे गौतम? जघन्य से एक अथवा दो अथवा तीन जीव वहां उत्पन्न होते हैं और 'उक्कोसेणं संखेज्जा वा असंखेज्जा वा उववज्जंति' उत्कृष्ट से संख्यात अथवा असंख्यात जीव वहां उत्पन्न होते हैं। यद्यपि सामान्यरूप से वनस्पतियों में प्रति समय अनन्तानन्त जीवों की उत्पत्ति होती है फिर भी शाल्यादिकों में प्रत्येक शरीर होने के कारण एक आदि जीवों की उत्पत्ति जघन्यरूप जो कही गई है उसमें कोई विरोध नहीं आता है। 'अवहारो जहा उप्पलुद्देसे' ग्यारहवां शतक के जो प्रथम उद्देशक है वह उत्पलोद्देशक है उस उत्पलोद्देशक में जीवों का अपहार इस प्रकार से कहा गया है।

'ते णं भंते! जीवा समए समए अवहीरमाणा२ केवइयकालेणं अवहीरंति? गोयमा! ते णं असंखेज्जा समए समए अवहीरमाणा२ असंखे-

---

કે-'जहन्नेणं एक्को वा दोवा तिन्नि वा' હે ગૌતમ જઘન્ય થી એક અથવા બે અથવા ત્રણ જીવો ત્યા ઉત્પન્ન થાય છે, અને 'उक्कोसेणं संखेज्जा वा असंखेज्जा वा उववज्जंति' ઉત્કૃષ્ટથી સંખ્યાત અથવા અસંખ્યાત જીવો ત્યાં ઉત્પન્ન થાય છે. જોકે સામાન્યરૂપ થી વનસ્પતિયોમાં પ્રતિસમયે અનન્તાનન્ત જીવોની ઉત્પત્તિ થાય છે તો પણ શાલી વિગેરેમાં-પ્રત્યેક શરીર હોવાને કારણે જ ધાન્યરૂપથી એક વિગેરે જીવોની જે ઉત્પત્તિ કહી છે, તેમાં કાંઈ જ વિરોધ આવતો નથી. 'अवहारो जहा उप्पलुद्देसे' અગીયારમાં શતકનો જે પહેલો ઉદ્દેશો છે, તે ઉત્પલોદ્દેશક છે, આ ઉત્પલોદ્દેશક માં જીવોનો અપહાર આ પ્રમાણે કહયો છે. 'ते णं भंते! जीवा समए समए अवहीरमाणा२ केवइयकालेणं अवहीरंति गोयमा! ते णं असंखेज्जा समए समए अवहीरमाणा२

ओसप्पिणीहिं अवहीरति नो चेव णं अवहिया सिया' ते खलु भदन्त ! जीवाः समये समये अवह्रियमाणाः२ निष्काशिताः२ सन्तः कियत्कालेन अपह्रियन्ते-निष्काशिता भवन्ति उत्पला दितः ? गौतम ! ते खलु जीवा असंख्येयाः समये समये अपह्रियमाणाः२ निष्काशिता अपि उत्पलादितोऽसंख्येयाभिरुत्सर्पिण्यवसर्पिणीभिरपह्रियन्ते नैव खलु अपहृताः स्युः। प्रतिसमयं यदि निष्काशयेत् उत्पलादितो जीवान् असंख्याताभिरुत्सर्पिण्यवसर्पिणीभिः, तथापि उत्पलादितो जीवान् सर्वथा नैव कोऽपि निष्काशयितुं शक्नुयादिति एकादशशतकीय प्रथमोद्देशकस्य अभिप्रायः प्रकृतेऽपि तथैव ज्ञातव्यः, विशेष एतावानेव यत्तत्र उत्पलशब्दः, अत्र तु शाल्यादिशब्दो वाच्य इतिभावः। 'तेसि णं भंते ! जीवाणं' तेषां

जाहिं उस्सप्पिणि ओसप्पिणीहिं अवहीरंति नो चेव णं अवहिया सिया' गौतम ने प्रभु से ऐसा पूछा है-हे भदन्त ! उत्पल के जीव यदि उत्पल में से प्रत्येक समय में बाहर निकाले जावें तो वे कितने समय में उसमें से पूरे बाहर निकाले जा सकते हैं ? तो इस प्रश्न के उत्तर में प्रभु गौतम से कहते हैं-हे गौतम ! उत्पल के जीव यदि उस उत्पल से असंख्यात उत्सर्पिणी और अवसर्पिणी तक भी प्रत्येक समय में असंख्यात२ की संख्या से बाहर निकाले जावें तो भी वे उसमें से पूरे नहीं निकाले जा सकते हैं ऐसा यह कथन अपहार (निकालना) के विषय में ग्यारहवें शतक के प्रथम उद्देशकका है। सो प्रकृत में भी ऐसा ही जानना चाहिये सिर्फ उस कथन से इस कथन में विशेषता इतनी सी है कि वहां उत्पल शब्द का प्रयोग किया गया है और यहां उसके स्थान में शाल्यादि शब्द का प्रयोग

असखेज्जाहिं उस्सप्पिणी ओसप्पिणीहिं अवहीरंति ते चेव णं अवहिया सिया' गौतमस्वामीએ प्रभुने એવું પૂછ્યું છે કે હે ભગવન્ ઉત્પલ-કમળના જીવો જે ઉત્પલ-કમળમાથી પ્રત્યેક સમયમાં બહાર કાઢવામા આવે તો કેટલા-સમયમાં તેમાં થી પૂરે પૂરા બહાર કહાડીશકાય છે, આપ્રશ્નના ઉત્તરમાં પ્રભુ ગૌતમસ્વામીને કહે છે કે-હે ગૌતમ કમળના જીવો જે તે કમળથી અસંખ્યાત ઉત્સર્પિણી અને અવસર્પિણી સુધી પ્રત્યેક સમયમા અસંખ્યાત અસખ્યાતની સંખ્યામાં બહાર કાઢવામાં આવે તો પણ તેઓ તેમાંથી પૂરે પૂરા કહાડી શકાતા નથી એ પ્રમાણેનું આ કથન અપહાર (બહાર કાઢવાના) ના વિષયમાં અગીયારમાં શતકના પહેલા ઉદ્દેશ નું છે. તો અહિયાં પણ તે પ્રમાણે સમજવું ફક્ત તે કથનથી આકથન માં વિશેષપણું એટલું જ છે, કે ત્યાં ઉત્પલ શબ્દ નો પ્રયોગ કરવામાં આવેલ છે, અને અહિયાં તે સ્થાને શાલી વિગેરે શબ્દનો પ્રયોગ કરવો જોઈએ.

शाल्यादि मूलतया समुत्पन्नानाम् खलु जीवानाम् 'केमहालिया सरीरोगाहणा पन्नत्ता' कियन्महती शरीरावगाहना प्रज्ञप्ता, हे भदन्त ! तेषां जीवानां शरीरसंबन्धिनी अवगाहना कियती कथिता ? इति प्रश्नः । भगवानाह-'गोयमा !' इत्यादि, 'गोयमा' हे गौतम ! 'जहन्नेणं अंगुलस्स असंखेज्जइभागं' जघन्येना ङ्गुलस्यासंख्यातभागम् , जघन्यतोऽङ्गुलस्य असंख्येयभागप्रमाणा शरीरावगाहना, 'उक्कोसेणं धणुहपुहत्तं' उत्कर्षेण धनुःपृथक्त्वम् धनुषः पृथक्त्वम् द्वित्रारभ्य नवधनुः पर्यन्तं धनुःपृथक्त्वं कथितमिति 'ते णं भंते ! जीवा' ते शाल्यादौ समुत्पन्नाः खलु जीवाः 'णाणावरणिज्जस्स' ज्ञानावरणीयस्य कर्मणः 'किं बंधगा अबंधगा' किं बन्धकाः अबन्धकाः, ते जीवाः ज्ञानावरणीयस्य कर्मणो बन्धन कर्तारो भवन्ति नवेति प्रश्नः । भगवानाह-'जहा' इत्यादि, 'जहा उप्पलुद्देसे'

करना चाहिये अब गौतम प्रभु से ऐसा पूछते हैं-'तेसि णं भंते ! जीवाणं केमहालिया सरीरोगाहणा पण्णत्ता' हे भदन्त ! जो जीव शालि आदि के मूलरूप से उत्पन्न होते हैं उन जीवों की शरीरावगाहना कितनी बड़ी कही गई हैं ? इसके उत्तर में प्रभु ने गौतम से ऐसा कहा 'गोयमा !' हे गौतम ! 'जहन्नेणं अंगुलस्स असंखेज्जइभागं उक्कोसेणं धणुहपुहत्तं' उन जीवों की शरीरावगाहना जघन्य से तो अंगुल के असंख्यातवें भाग प्रमाण कही गई है और उत्कृष्ट से धनुषपृथक्त्व-दो धनुष से लेकर ९ धनुषतक की कही गई है, 'ते णं भंते ! जीवा णाणावरणिज्जस्स कम्मस्स किं बंधगा, अबंधगा' हे भदन्त ! शाल्यादिक में उत्पन्न हुए वे जीव ज्ञानावरणीय कर्म के बंधक-बंध करनेवाले होते हैं ? या अबन्धक-बन्ध करने वाले नहीं होते हैं ? 'जहा उप्पलुद्देसे' हे गौतम ! वे

હવે ગૌતમસ્વામી પ્રભુ ને એવું પૂછે છે કે-'तेसि णं भंते ! जीवाणं केमहालिया सरीरोगाहणा पण्णत्ता' હે ભગવન્ જે જીવો શાલી વિગેરેના મૂળરૂપે ઉત્પન્ન થાય છે, તે જીવોના શરીરની અવગાહના-(લંબાઈ પહોળાઈ) કેટલી મોટી કહી છે ? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ કહે છે કે-'गोयमा !' હે ગૌતમ ! 'जहन्नेणं अंगुलस्स असंखेज्जइभागं उक्कोसेणं धणुहपुहत्तं' તે જીવોના શરીરની અવગાહના જઘન્યથી તો આંગળના અસંખ્યાતમાં ભાગ પ્રમાણવાળી કહી છે, અને ઉત્કૃષ્ટ થી ધનુષપૃથક્ત્વ-બે થી લઈને ૯ નવ ધનુષ સુધીની કહી છે 'ते णं भंते ! जीवा णाणावरणिज्जस्स कम्मस्स किं बंधगा, अबंधगा' હે ભગવન્ શાલીવિગેરેમાં ઉત્પન્ન થયેલા તે જીવો જ્ઞાનાવરણીય કર્મના બંધકરવાવાળા હોય છે. ? અથવા અબન્ધક-બંધ કરવાવાળા હોતા નથી

यथोत्पलोत्पलोद्देशके 'गोयमा ! नो अबंधगा बंधगा' हे गौतम ! ते जीवा ज्ञानावरणीयस्य कर्मणो नो अबन्धकाः किन्तु बन्धका एव भवन्ति । 'एवं जाव अंतराइयस्स' एवं यावत् अन्तरायकर्मपर्यन्तस्य विषयेऽपि विज्ञेयम्, 'एवं वेदे वि' एवं ज्ञानावरण बन्धकवदेव वेदेऽपि वेदकविषयेऽपि ज्ञातव्यम् । ते खलु जीवा ज्ञानावरणीयस्य कर्मणः नो अनुदयिनः किन्तु उदयिन एव । 'उदीरणायामपि–ते खलु जीवा ज्ञानावरणीयस्य कर्मणः नो अनुदीरकाः किन्तु उदीरका एव । एवं सर्वत्र दर्शनावरणीयादारभ्य अन्तरायपर्यन्तानां सप्तानामपि कर्मणां विषये आलापकाः

जीव ज्ञानावरणीय कर्मके बंधक ही होते हैं–अबन्धक नहीं होते हैं–'एवं जाव अंतराइयस्स' इसी प्रकार का कथन यावत् अन्तराय कर्म के विषय में भी जानना चाहिये, तात्पर्य यही है कि वे जीव सब के सब ज्ञानावरणीय, दर्शनावरणीय, वेदनीय, मोहनीय, आयु नाम, गोत्र, और अन्तराय इन आठों कर्मों के बंधक ही होते हैं। 'एवं वेदे वि' इसी प्रकार का कथन वेदक के विषय में भी जानना चाहिये–अर्थात्–वे सब के सब जीव ज्ञानावरणीय कर्म के अवेदक नहीं होते हैं–किन्तु–वेदक ही होते हैं। 'उदए वि' उदय के संबंध में भी ऐसा ही कथन करना चाहिये अर्थात् वे जीव ज्ञानावरणीय कर्म के उदयवाले ही होते हैं–अनुदयवाले नहीं होते हैं। 'उदीरणाए वि' इसी प्रकार से उदीरणा के सम्बन्ध में भी जानना चाहिये अर्थात् वे सब के सब जीव ज्ञानावणीय कर्म के अनुदीरक नहीं होते हैं किन्तु उदीरक ही होते हैं। इसी प्रकार

'जहा उप्पलुद्देसे' હે ગૌતમ ! તે જીવો જ્ઞાનાવરણીય કર્મનો બંધ કરવાવાળા જ હોય છે, અબંધક હોતાનથી 'एवं जाव अंतराइयस्स' આજ પ્રમાણેનું કથન યાવત્ અંતરાય કર્મના વિષયમાં પણ સમજી લેવું કહેવાનું તાત્પર્ય એ છે કે–તે બધાજ જીવો જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય મોહનીય આયુ, નામ, ગોત્ર, અને અન્તરાય આ આઠે કર્મોનો બંધ કરવાવાળા હોય છે. 'एवं वेदे वि' આજ પ્રમાણેનું કથન વેદના સંબંધમાં પણ સમજવું અર્થાત્ તે તમામ જીવો જ્ઞાનાવરણીય કર્મના અવેદક હોતા નથી–પરંતુ વેદકજ હોય છે. 'उदए वि' ઉદયના સંબંધમાં પણ આજ પ્રમાણેનું કથન સમજી લેવું. અર્થાત્ તે બધા જીવો જ્ઞાનાવરણીય કર્મના ઉદયવાળા જ હોય છે ઉદય વિનાના હોતા નથી. 'उदीरणाए वि' આજ પ્રમાણે ઉદીરણાના સંબંધમાં પણ સમજી લેવું અર્થાત્ તે બધા જીવો જ્ઞાનાવરણીય કર્મના ઉદયવિનાના (અનુદીરક) હોતા નથી. પરંતુ ઉદીરક–ઉદયવાળા જ હોય છે. આ પ્રમાણે બધે જ દર્શનાવરણીય

स्वयमूहनीयाः। विशेषव्याख्या-एकादशशतकस्य प्रथमे उत्पलोद्देशके द्रष्टव्येति। 'ते णं भंते ! जीवा' ते शाल्यादिमूलादौ समुत्पन्नाः खलु जीवाः 'किं कण्हलेस्सा नीललेस्सा काउलेस्सा' किं कृष्णलेश्याः नीललेश्याः कापोतलेश्याः, ते जीवाः कृष्ण-नील-कापोतिक-लेश्यासु कीदृग्लेश्यावन्तो भवन्तीति प्रश्नः। उत्तरम्-'छव्वीसं भंगा' अत्र षड्विंशतिर्भङ्गा भवन्तीति। कृष्णनीलकापोत लेश्यासु एकवचनबहुवचनयोरसंयोगिनस्त्रयस्त्रयो भङ्गा इति, त्रयो भङ्गा एक वचनस्य३ त्रयो बहुवचनस्य३ एवं षड्भङ्गाः६। द्विकसंयोगे प्रत्येकं चतुर्भङ्ग सद्भावाद् द्वादशभङ्गाः १२। त्रिकसंयोगे एकवचनबहुवचनाभ्यामष्टौ भङ्गाः८।

से सर्वत्र दर्शनावरणीय से लेकर अन्तराय पर्यन्त सातों कर्मों के सम्बन्ध में भी आलापक अपने आप जानना चाहिये, इस सम्बन्ध में विशेष व्याख्या ग्यारहवें शतकके प्रथम उत्पलोद्देशक में देखलेनी चाहिये,। अब गौतम ! प्रभु से ऐसा पूछते हैं-'ते णं भंते ! जीवा किं कण्हलेस्सा नीललेस्सा काउलेस्सा ?' हे भदन्त ! वे जीव-शाली आदि के मूल आदि में उत्पन्न हुए जीव क्या कृष्णलेश्यावाले, नीललेश्यावाले अथवा कापोतलेश्यावाले होते हैं? इसके उत्तर में प्रभु कहते हैं-'छव्वीसं भंगा' हे गौतम ! यहां छब्बीस भंग होते हैं जो इस प्रकार से हैं-कृष्ण, नील कापोत इन लेश्याओं में एकवचन और बहुवचन में असंयोगी ३-३ भंग होते हैं, एकवचन के तीन और बहुवचन के तीन इस प्रकार से ये ६ असंयोगी भंग हैं-द्विकसंयोग में प्रत्येक के चतुर्भंग होने से १२ भंग होते हैं त्रिकसंयोग में एकवचन और बहुवचन को लेकर ८ भंग होते

કર્મથી લઈ ને અન્તરાય સુધીના સાતે કર્મોના સંબંધમાં પણ પોતે આલાપકો બનાવી લેવા. આ સંબંધમાં વિશેષ કથન અગીયારમાં શતકના પહેલા ઉત્પલ ઉદ્દેશામાં જોઈ લેવું જોઈએ.

હવે ગૌતમસ્વામી પ્રભુને એવું પૂછે છે કે-ते णं भंते ! जीवा किं कण्हलेस्सा नीललेस्सा काउलेस्सा ?' હે ભગવન્ તે જીવો કે જે શાલી વિગેરેના મૂળ વિગેરેમાં ઉત્પન્ન થયેલા છે તે જીવો શું કૃષ્ણલેશ્યાવાળા, નીલલેશ્યાવાળા, અથવા કાપોતલેશ્યાવાળા હોય છે ? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ કહે છે કે-'छव्वीसं भंगा' હે ગૌતમ !, અહિયાં ૨૬ છવ્વીસ ભંગો થાય છે જે આ પ્રમાણે છે.-કૃષ્ણ, નીલ અને કાપોત આ લેશ્યાઓમાં એકવચન અને બહુવચનમાં અસંયોગી ૩-૩ ભંગો થાય છે. એકવચનના ૩ અને બહુવચન ના ૩ એ પ્રમાણે અસંયોગી ૬ છ ભંગો થાય છે દ્વિક સંયોગમાં દરેક ના ચાર-ચાર ભંગો થાય છે. એ રીતે દ્વિકસંયોગી ૧૨ બાર ભંગો થાય છે. ત્રિક સંયો-

एवं षड्विंशति भङ्गाः सर्वसंकलनया भवन्ति इति। तत्रासंयोगिनः षट्, तथाहि-कृष्णलेश्यः१, नीललेश्यः२, कापोतलेश्यः३, एते एकवचनेन त्रयः३। कृष्णलेश्याः१, नीललेश्याः२, कपोतलेश्याः३, एते बहुवचनेन त्रयः। एवम् एकसंयोगिनः षड्भङ्गाः६। तथा-द्विकसंयोगिनो द्वादशभङ्गा स्तथाहि-कृष्णलेश्यः नीललेश्यः १, कृष्णलेश्यः नीललेश्याः२, कृष्णलेश्याः नीललेश्यः३, कृष्णलेश्याः नीललेश्याः४। कृष्णनीलेति द्विकसंयोगे प्रथमा चतुर्भङ्गी१। कृष्ण-

---

हैं। इस प्रकार से ये छब्बीस भंग हो जाते हैं इनमें असंयोगी ६ भंग इस प्रकार से हैं-कोई एक जीव कृष्णलेश्यावाला१, नीललेश्यावाला२ और कापोतलेश्यावाला३ होता है-अनेक जीव कृष्णलेश्यावाले१ नीललेश्यावाले२ और कापोतलेश्यावाला३ होते हैं इस प्रकार से ये ६ भंग एकवचन के ३ और बहुवचन के ३ मिलकर हो जाते हैं। द्वादश भंग द्विकसंयोग में इस प्रकार से होते हैं-'कृष्णलेश्यः नीललेश्यः१' कोई एक जीव कृष्णलेश्यावाला एवं नीललेश्यावाला होता है१, 'कृष्णलेश्यः नीललेश्याः२' कोई एक जीव कृष्णलेश्यावाला होता है और अनेक जीव नीललेश्यावाले होते हैं२ 'कृष्णलेश्याः नीललेश्यः३, अनेक जीव कृष्णलेश्यावाले होते हैं और कोई एक जीव नीललेश्यावाला होता है३, 'कृष्णलेश्याः नीललेश्याः४' अनेक जीव कृष्णलेश्यावाले और अनेक जीव नीललेश्यावाले होते हैं४, इस प्रकार से ये द्विकसंयोग में एक-

---

ગમાં એકવચન અને બહુવચનને લઈને ૮ આઠ ભંગો થાય છે. આ રીતે છવ્વીસ ૨૬ ભંગો થાય છે. તે પૈકી અસંયોગી ૬ ભંગો આ પ્રમાણે છે. કોઈ એક જીવ કૃષ્ણલેશ્યાવાળો ૧ નીલ લેશ્યાવાળો ૨ અને કાપોતલેશ્યાવાળો હોય છે. આ ૬ ભંગો-એકવચનના ૩ અને બહુવચનના ૩ ત્રણ મળીને થાય છે. દ્વિક સંયોગી ૧૨ બાર ભંગો આ પ્રમાણે થાય છે.-'कृष्णलेश्यः, नीललेश्यः१' કોઈ એક જીવ કૃષ્ણલેશ્યાવાળો અને નીલલેશ્યાવાળો હોય છે ૧ 'कृष्णलेश्यः नीललेश्याः२' કોઈ એક જીવ કૃષ્ણલેશ્યાવાળો હોય છે. અને અનેક જીવો નીલલેશ્યાવાળા હોય છે ૨ 'कृष्णलेश्याः नीललेश्यः३' અનેક જીવો કૃષ્ણલેશ્યાવાળા હોય છે અને કોઈ એક જીવ નીલલેશ્યાવાળો હોય છે ૩ 'कृष्णलेश्याः नीललेश्याः४' અનેક જીવો કૃષ્ણલેશ્યાવાળા અને અનેક જીવો નીલલેશ્યાવાળા હોય છે ૪ આ રીતે દ્વિકસંયોગમાં એકવચન અને બહુવચનને લઈને આ પ્રમાણેના આ ૪ ચાર ભંગો થયા છે. આ રીતે

कापोतेति द्विकसंयोगे चतुर्भङ्गी यथा-कृष्णलेश्यः कापोतलेश्यः१, कृष्णलेश्यः कापोतलेश्याः २, कृष्णलेश्याः कापोतलेश्यः ३, कृष्णलेश्याः कापोतलेश्याः४। इति द्वितीया चतुर्भङ्गी२। नीलकापोतेति द्विकसंयोगे चतुर्भङ्गी यथा-नीललेश्यः कापोतलेश्यः१, नीललेश्यः कापोतलेश्याः२, नीललेश्याः कापोतलेश्य३, नीललेश्याः कापोतलेश्याः४। इति तृतीया चतुर्भङ्गी३। एते

वचन और बहुवचन को लेकर४ भंग हुए हैं इसी प्रकार से कृष्णकापोत इन दो के संयोग में चार भंग होते हैं-जैसे-कृष्णलेश्यः कापोतलेश्यः१, कोई एक जीव 'कृष्णलेश्यावाला होता है और कोई एक जीव कापोतलेश्यावाला होता है १, 'कृष्णलेश्यः कापोतलेश्याः२' कोई एक जीव कृष्णलेश्यावाला होता है और अनेक जीव कापोतलेश्यावाले होते हैं२, 'कृष्णलेश्याः कापोतलेश्यः३' अनेक जीव कृष्णलेश्यावाले होते हैं और कोई एक कापोतलेश्यावाला होता है-३, 'कृष्णलेश्याः कापोतलेश्याः४' अनेक जीव कृष्णलेश्यावाले और अनेक जीव कापोतलेश्यावाले होते हैं४, इसी प्रकार नील और कापोत के संयोग में भी ४ भंग होते हैं-जैसे नीललेश्यः कापोतलेश्यः १, नीललेश्यः कापोतलेश्याः२, नीललेश्याः कापोतलेश्यः३, नीललेश्याः

કૃષ્ણલેશ્યા અને કાપોતલેશ્યાના યોગથી પણ ચાર ભંગો થાય છે. જેમ કે-कृष्णलेश्यः कापोतलेश्यः ' કોઈ એક જીવ કૃષ્ણલેશ્યાવાળો હોય છે અને કોઈ એક જીવ કાપોતલેશ્યાવાળો હોય છે. ૧ " कृष्णलेश्यः कापोतलेश्याः २' કોઈ એક જીવ કૃષ્ણલેશ્યાવાળો હોય છે, અને અનેક જીવો કાપોતલેશ્યાવાળા હોય છે. ૨ ' कृष्णलेश्याः कापोतलेश्यः ३ ' અનેક જીવો કૃષ્ણલેશ્યાવાળા હોય છે અને કોઈ એક જીવ કાપોતલેશ્યાવાળો હોય છે. ૩ ' कृष्णलेश्याः कापोतलेश्याः४' અનેક જીવો કૃષ્ણલેશ્યાવાળા અને અનેક જીવો કાપોતલેશ્યાવાળા હોય છે. ૪ આજ પ્રમાણે નીલલેશ્યા અને કાપોતલેશ્યાના સંયોગથી પણ ૪ ચાર ભંગો થઈ જાય છે. તે આ પ્રમાણે છે-' नीललेश्यः कापोतलेश्यः १ ' કોઈ એક જીવ નીલલેશ્યાવાળો હોય છે, અને કોઈ એક જીવ કાપોતલેશ્યાવાળો હોય છે. ૧ ' नीललेश्यः कापोतलेश्याः २' કોઈ એક જીવ નીલલેશ્યાવાળો હોય છે, અને અનેક જીવો કાપોતલેશ્યાવાળા હોય છે. ૨' ' नीललेश्याः कापोतलेश्यः ३' અનેક જીવો નીલલેશ્યાવાળા હોય છે. અને કોઈ એક જીવ

द्विकसंयोगे द्वादशभङ्गाः १२। अथ कृष्ण-नीलकापोतेति त्रिकसंयोगेऽष्ट भङ्गा यथा-कृष्णलेश्यः नीललेश्यः, कापोतलेश्यः१, कृष्णलेश्यः, नीललेश्याः, कापोतलेश्याः२, कृष्णलेश्यः नीललेश्याः, कापोतलेश्यः३, कृष्णलेश्याः, नील-लेश्याः, कापोतलेश्याः४, कृष्णलेश्याः, नीललेश्याः, कापोतलेश्यः५, कृष्णले-

---

कापोतलेश्याः४' इनका तात्पर्य स्वयं समझ लेना चाहिये। इस प्रकार से ये १२ भंग प्रत्येक के द्विक संयोग में बन जाते हैं। कृष्ण, नील और कापोत इन तीनों के संयोग में जो आठ भंग होते हैं वे इस प्रकार हैं- 'कृष्णलेश्यः, नीललेश्यः कापोतलेश्यः' कोई एक जीव कृष्णलेश्यावाला होता है, एवं कोई एक जीव नीललेश्यावाला होता है और कापोतलेश्या-वाला होता है१, 'कृष्णलेश्यः, नीललेश्यः, कापोतलेश्याः२' कोई एक जीव कृष्णलेश्यावाला होता है, और कोई एक जीव नीललेश्यावाला होता है और अनेक जीव कापोतलेश्यावाले होते है२, 'कृष्णलेश्यः, नील-लेश्याः, कापोतलेश्यः३' कोई एक जीव कृष्णलेश्यावाला होता है, एवं अनेक जीव नीललेश्यावाले होते हैं एवं कोई एक जीव कापोतलेश्या-वाला होता है३, 'कृष्णलेश्यः, नीललेश्याः, कापोतलेश्याः४' कोई एक जीव कृष्णलेश्यावाला होता है, अनेक जीव नीललेश्यावाले होते हैं और अनेक जीव कापोतलेश्यावाले होते हैं४। 'कृष्णलेश्याः नीललेश्याः

કાપોતલેશ્યાવાળો હોય છે. ૩ 'नीललेश्याः कापोतलेश्याः ४' અનેક જીવો નીલલેશ્યાવાળા અને અનેક જીવો કાપોતલેશ્યાવાળા હોય છે. ૪ આ રીતે આ બાર ભંગો દ્વિકસંયોગમાં પ્રત્યેકના થાય છે. કૃષ્ણલેશ્યા, નીલલેશ્યા, અને કાપોતલેશ્યા, આ ત્રણ લેશ્યાઓના સંયોગથી જે આઠ ભંગો થાય છે, તે આ પ્રમાણે છે. 'कृष्णलेश्यः नीललेश्यः कापोतलेश्यः १' કોઈ એક જીવ કૃષ્ણલેશ્યાવાળો, નીલલેશ્યાવાળો અને કાપોતલેશ્યાવાળો હોય છે. ૧' 'कृष्ण-लेश्यः नीललेश्यः कापोतलेश्याः २' કોઈ એક જીવ કૃષ્ણલેશ્યાવાળો હોય છે, કોઈ એક જીવ નીલલેશ્યવાળો હોય છે અને અનેક જીવો કાપોત લેશ્યાવાળા હોય છે. ૨ 'कृष्णलेश्यः नीललेश्याः कापोतलेश्यः ३' કોઈ એક જીવ કૃષ્ણ-લેશ્યાવાળો હોય છે. અનેક જીવો નીલલેશ્યાવાળા હોય છે અને કોઈ એક જીવ કાપોતલેશ્યાવાળો હોય છે. ૩ 'कृष्णलेश्यः नीललेश्याः कापोतलेश्याः ४' કોઈ એક જીવ કૃષ્ણલેશ્યાવાળો હોય છે. અનેક જીવો નીલલેશ્યાવાળા હોય છે, અને અનેક જીવો કાપોતલેશ્યાવાળા હોય છે. ૪ 'कृष्णलेश्याः नील-

श्याः, नीललेश्याः, कापोतलेश्याः६, कृष्णलेश्याः, नीललेश्याः, कापोतलेश्या७, कृष्णलेश्याः, नीललेश्याः, कापोतलेश्याः८। एते त्रिकसंयोगेऽष्टौ भङ्गाः८। एवम् असंयोगिनः षड् भङ्गाः६, द्विकसंयोगिनो द्वादश भङ्गाः१२, त्रिकसंयोगिनोऽष्टौ८। इति सर्वसंकलनया षड्विंशति भङ्गा जायन्ते इति। एतद्ज्ञानार्थं कोष्टकं प्रदर्श्यते-

असंयोगिनः षट् ६		द्विकसंयोगिनो द्वादश १२			त्रिकसंयोगिनः अष्टौ ८	
कृ० नी० का०	एक·	कृ० नी०	कृ० का०	नी० का०	कृ० नी० का०	
१-१-१	वच·	१-१	१-१	१-१	१-१-१	एते
कृ० नी० का०	नेन	१-३	१-३	१-३	१-१-३	सर्वे
३-३-३	बहु·	३-१	३-१	३-१	१-३-१	षड्
६	वच·	३-३	३-३	३-३	१-३-३	विंशति
	नेन	४	४	४	३-१-१	२६
	३	१२			३-१-३	
	एव				३-३-१	
	६				३-३-३	
					८	

कापोतलेश्यः५, अनेक जीव कृष्णलेश्यावाले होते हैं, कोई एक जीव नीललेश्यावाला होता है और कोई एक जीव कापोतलेश्यावाला होता है५, 'कृष्णलेश्याः नीललेश्यः कापोतलेश्याः'६-अनेक जीव कृष्णलेश्यावाले होते हैं, कोई एक जीव नीललेश्यावाला होता है और अनेक जीव कापोतलेश्यावाले होते हैं६ 'कृष्णलेश्याः, नीललेश्याः कापोतलेश्यः७' अनेक जीव कृष्णलेश्यावाले और नीललेश्यावाले होते हैं तथा कोई एक जीव कापोतलेश्यावाला होता है७' 'कृष्णलेश्याः नील·

लेश्यः कापोतलेश्यः ५' અનેક જીવો કૃષ્ણલેશ્યાવાળા હોય છે, કોઈ એક જીવ નીલલેશ્યાવાળો હોય છે, અને કોઈ એક જીવ કાપોત લેશ્યાવાળો હોય છે.૫ 'कृष्णलेश्याः नीललेश्यः कापोतलेश्याः६' અનેક જીવો કૃષ્ણલેશ્યાવાળા હોય છે, કોઈ એક જીવ નીલલેશ્યાવાળો હોય છે, અને અનેક જીવો કાપોતલેશ્યાવાળા હોય છે. ૬ 'कृष्णलेश्याः नीललेश्याः कापोतलेश्यः७' અનેક જીવો કૃષ્ણલેશ્યાવાળા અનેક જીવો નીલલેશ્યાવાળા અને કોઈ એક જીવ કાપોતલેશ્યાવાળો હોય છે. '७ कृष्णलेश्या : नीललेश्या : कापोतलेश्या : ८' અનેક જીવો કૃષ્ણલેશ્યાવાળા,

'दिट्ठी जाव इंदिया जहा उप्पलुद्देसे' दृष्टिर्यावत् इन्द्रियाणि यथोत्पलोद्देशके तथैवेहापि ज्ञातव्यम्। अत्र यावत्पदेन ज्ञानयोगोपयोगादयो ग्राह्याः तत्र दृष्टौ ते जीवा मिथ्या दृष्टयः, ज्ञानेऽज्ञानिनस्ते जीवाः, योगे केवलं काययोगिनो मनोयोगवचोयोगयोरभावात्, उपयोगे द्विविधोपयोगिनः साकारोपयोगिनः, अनाकारोपयोगिनश्च, एवमन्यदपि।

लेश्याः कापोतलेश्याः'८ तथा-अनेक जीव कृष्णलेश्यावाले, नीललेश्यावाले, और कापोतलेश्यावाले होते हैं८, इस प्रकार के ये तीनसंयोग में आठ भंग होते हैं। सब असंयोगी ६ द्विकसंयोगी १२ त्रिकसंयोगी ८ भंग मिलकर २६ भंग होजाते हैं।

इस का कोष्टक संस्कृत टीका में दिया गया है?

'दिट्ठी जाव इंदिया जहा उप्पलुद्देसे' दृष्टि यावत् इन्द्रियों के संम्बन्ध में जैसा ग्यारहवें शतक के उत्पलोद्देशक में कहा गया है-उसी प्रकार से यहां पर भी जानना चाहिये यहां यावत्पद से ज्ञान, योग, उपयोग आदिकों का ग्रहण हुआ है, दृष्टि की अपेक्षा-वे जीव मिथ्यादृष्टि होते हैं, ज्ञान की अपेक्षा वे अज्ञानी होते हैं, योग की अपेक्षा वे मनोयोग और वचनयोग के अभाव से केवल काययोगी होते हैं। उपयोग की अपेक्षा वे साकारोपयोगी एवं अनाकारोपयोगी होते हैं। इसी प्रकार से और भी समझना चाहिये।

